For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

છેલ્લી બે ટર્મથી ગુજરાતમાં તમામ 26 બેઠક જીતવાની સાથે

# ગઢ છતાં 4 ઉમેદવાર નક્કી કરવામાં ભાજપને પરસેવો

**મહેસાણા**, અમરેલી, જૂનાગઢ અને સુરેન્દ્રનગર બેઠક માટે ભાજપના ઉમેદવારો નક્કી થવાના હજુ પણ બાકી

**સીએમ** ભૂપેન્દ્ર પટેલ, સી.આર. પાટીલ તથા રત્નાકર દિલ્હી પહોંચ્યા, મોદી, નડ્ડા, અમીત શાહ સાથે બેઠક કરશે

**મોડી** રાત્રે અથવા આવતીકાલે યાદી જાહેર થશે: સાબરકાંઠા બેઠક પર બદલાવની શક્યતા




**કોંગ્રેસે અત્યાર સુધી 7 નામ જાહેર કર્યા છે**

રાજ્યમાં લોકસભાની ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી હોવા છતાં પણ કોંગ્રેસ હજુ સુધી માત્ર 7 જ બેઠકના ઉમેદવારના નામો જાહેર કરી શકી છે. જેમાં પોરબંદરથી લલિત વસોયા, બનાસકાંઠાથી ગેનીબહેન ઠાકોર, વલસાડથી અનંત પટેલ, બારડોલીથી સિદ્ધાર્થ ચૌધરી, અમદાવાદ પૂર્વથી રોહન ગુપ્તા, અમદાવાદ પશ્ચિમથી ભરત મકવાણા અને કચ્છથી નીતિશ લાલનના નામનો સમાવેશ થાય છે. તો ભરૂચ અને ભાવનગરમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગઠબંધન કરીને આપના ચૈતર વસાવાને ભરૂચથી જ્યારે ભાવનગરથી આપના ઉમેશ મકવાણા મેદાનમાં ઉતર્યા છે. જ્યારે સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, જૂનાગઢ, છોટા ઉદેપુર, પંચમહાલ, અમરેલી, સુરત, દાહોદ અને નવસારી બેઠક માટે ઉમેદવારની પસંદગી કરવા કોંગ્રેસમાં કવાયત ચાલી રહી છે.

ગાંધીનગર: જેને પાર્ટીએ પહેલેથી મોડેલ રાજ્ય ગણાવ્યું અને છેલ્લી બે ટર્મથી તમામ બેઠકો જીતવા છતાં ગુજરાતને પોતાનો ગઢ ગણાવતા ભાજપને ચાર બેઠકના ઉમેદવારો નક્કી કરવામાં ફાંફાં પડી રહ્યા છે. ભાજપે ગુજરાતમાં 20 ઉમેદવાર જાહેર કરી દીધા છે અને હવે આ ચાર ઉમેદવાર માટે પાછો મામલો દિલ્હી દરબારમાં પહોંચ્યો છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ ભાજપના અધ્યક્ષ સીઆર. પાટીલ તથા પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ દિલ્હી પહોંચ્યા છે. આજે પીએમ નરેન્દ્ર મોદી, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા, કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહના અધ્યક્ષ સાથે ભાજપના

...અનુસંધાન પાના 5 પર



(તસવીર: સંદીપ જાદવ)

પ્રવાસીઓ અને રેલવે ઓપરેશન બંનેને હાલાકી ભોગવવી પડશે

# ડેડ લાઇન પતવામાં 3 જ દિવસ રહ્યા છતાં ઉધના રેલવે સ્ટેશનનું 50 ટકા કામ બાકી

**21 ડિસેમ્બરથી 90 દિવસ માટે એટલે કે 21 માર્ચ સુધી પ્લેટફોર્મ નંબર 2-3 બંધ કરીને કામ કરવામાં આવી રહ્યું છે**

સુરત: ઉધના રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2 અને 3 ડેવપલમેન્ટના કામ માટે 90 દિવસ માટે બંધ કરવામાં આવ્યા છે. પરંતુ રેલવે સ્ટેશન પર જે મંથરગતિએ કામ ચાલી રહ્યું છે તેનાથી એવું લાગે છે હજી લાંબા સમય સુધી પ્રવાસીઓને હાલાકી ભોગવવી પડશે. 21 ડિસેમ્બરથી 21 માર્ચ સુધી પ્લેટફોર્મ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. 21 માર્ચને માત્ર ત્રણ દિવસ બાકી છે ત્યારે કામ ખૂબ જ ઓછું થયું છે. તેનાથી માત્ર પ્રવાસીઓને હાલાકી ભોગવવી પડે છે એવું નહીં પરંતુ રેલવે તંત્રને પણ ટ્રેનોના ઓપરેશન માટે અડચણ આવી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઉધના સ્ટેશનનું રિડેવલપમેન્ટનું કામ ચાલી રહ્યું છે. તેમાં કોનકોર્સ એરિયા બાંધવા માટેના કોલમ પ્લેટફોર્મ નંબર 2 અને 3 પર આવતા હોવાથી કોન્ટ્રાક્ટરે 90 દિવસ માટે તે પ્લેટફોર્મ બંધ રાખવા રેલવેને રજૂઆત કરતા રેલવેએ 21 ડિસેમ્બરથી 21 માર્ચ સુધી 90 દિવસ માટે પ્લેટફોર્મ નંબર 2 અને 3 બંધ રાખવાની જાહેરાત કરી હતી. કોન્ટ્રાક્ટરે 21 માર્ચ સુધીમાં પ્લેટફોર્મ નંબર 2 અને 3 નું કામ પૂર્ણ કરવાનું છે. પરંતુ કોન્ટ્રાક્ટરના કામની ગતિ જોઈને લાગે છે કે હજી ઘણો સમય લાગે એમ છે. આ દરમિયાન પ્લેટફોર્મ નંબર 2 અને 3 પર થોભતી ટ્રેનો પ્લેટફોર્મ નંબર 4 અને 5 પરથી જાય છે. આ કામ પૂર્ણ થયા બાદ અન્ય પ્લેટફોર્મ બંધ કરવાના હતા. પરંતુ હાલનું કામ લાંબા સમય સુધી ચાલે એમ છે. માત્ર પ્રવાસીઓ જ હેરાન થાય છે એવું નહીં કારણ કે પ્લેટફોર્મ નંબર 2 અને 3 બંધ હોવાથી પ્લેટફોર્મ નંબર 2 પરની લાઈન પરથી પસાર થતી લાંબા અંતરની પ્રિમિયિમ ટ્રેનોને પણ 10 થી 20ની સ્પીડમાં દોડાવવામાં આવી રહી છે.

સુરત રેલવે સ્ટેશનના ડિરેક્ટર મુકેશ સુગે જણાવ્યું હતું કે, હાલ કામ ચાલુ છે જે વધુ સમય ચાલે તેમ છે. તેના કારણે પ્રવાસીઓ તો હેરાન થાય છે પરંતુ ટ્રેનોના ઓપરેશનમાં પણ અડચણ આવી રહી છે.

# વિજ્ઞાનના પેપરમાં વિદ્યાર્થીઓના જ્ઞાનની વધુ કસોટી થઇ નહીં, સીધા સવાલો પુછાયા

**પરીક્ષા** ખંડમાંથી બહાર નીકળતા વિદ્યાર્થીઓના ચહેરા પર સ્મિત જોવા મળ્યું

સુરત: સોમવારે એસએસસીમાં વિજ્ઞાનની પરીક્ષા હતી. પેપર સરળ નીકળતાં વિદ્યાર્થીઓ ખુશ થયા હતા. મોટા ભાગના પ્રશ્નો પાઠ્યપુસ્તકમાંથી પુછાયા હતા. ત્યારે સારા માર્કસ આવશે તેવી આશા બંધાઇ છે. પરીક્ષા ખંડમાંથી બહાર નીકળતા વિદ્યાર્થીઓના ચહેરા પર સ્મિત જોવા મળ્યું હતું.

ધો.10ની પરીક્ષા ભવિષ્યની દિશા નક્કી કરતી હોય છે. ખાસ કરીને ગણિત અને વિજ્ઞાનની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે ખૂબ મહત્ત્વની હોય છે. તેથી જ આ વિષયોની પરીક્ષામાં વિદ્યાર્થીઓને ટેન્શન પણ વધારે રહેતું હોય છે. સામાન્ય રીતે વિજ્ઞાનનું પેપર અઘરું નીકળતું હોવાની વિદ્યાર્થીઓમાં ભ્રમણા હોય છે, જે આજે ભાંગી ગઈ હતી. પેપર સરળ નીકળતાં વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો.

વિદ્યાર્થિની ખુશી ગજ્જરે કહ્યું કે, ન્યુમેરિકલમાં થોડો ડર હતો. પરંતુ સરળ સવાલો પુછાતાં જવાબો પણ સરળતાથી લખી

...અનુસંધાન પાના 5 પર



## એક હાથમાં બોટલ ચડતી હતી અને બીજા હાથે વિદ્યાર્થિનીએ પરીક્ષા આપી

**એલ.પી.** સવાણી સ્કૂલમાં ચાલુ પરીક્ષાએ લોર્ડ ક્રિષ્ણા સ્કૂલની વિદ્યાર્થિનીની તબિયત બગડી

**બોર્ડનું** પેપર લખતી વખતે વિદ્યાર્થિનીનું શરીર અચાનક ઠંડું પડી ગયું, 108 બોલાવવી પડી

સુરત : ધો. 10 એસએસસી બોર્ડની એક્ઝામમાં આજે સોમવારે તા. 18 માર્ચના રોજ એલ.પી. સવાણી સ્કૂલમાં ચોંકાવનારી ઘટના બની હતી. અહીં પેપર લખતી વખતે એક વિદ્યાર્થિનીની તબિયત અચાનક બગડી હતી. વિદ્યાર્થિનીનું શરીર ઠંડું પડવા લાગ્યું હતું અને તે ઊભા રહેવાની સ્થિતિમાં પણ ન હતી. સ્કૂલ સ્ટાફે તાત્કાલિક 108 બોલાવવી પડી હતી. પ્રાથમિક સારવાર બાદ વિદ્યાર્થિનીએ એક્ઝામ આપી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર એલ.પી.સવાણી વિદ્યાભવનમાં લોર્ડ ક્રિષ્ના સ્કૂલની વિદ્યાર્થિની મકવાણા બીનલબેન અરવિંદભાઈ પ્રશ્નપત્ર લખી

...અનુસંધાન પાના 5 પર

## ધોરણ-12 સાયન્સમાં મેથ્સમાં ટેક્સ્ટબુક રિફર કરનારા ફાવ્યા

સુરત: ગુજરાત માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષામાં સોમવારે ધોરણ-12 સાયન્સમાં ગણિતનું પેપર બેલેન્સ તેમજ પાઠ્યપુસ્તક આધારીત પુછાયું હતું. આ અંગે વાતચીત કરતા આશાદીપ સ્કૂલના સંચાલક મહેશભાઇએ કહ્યું હતું કે, આજનું પેપર સરળ હતું. સેક્શન-એમાં એમસીક્યુ પાઠ્યપુસ્તકમાંથી પુછાયા છે. એક એમસીક્યુ ડિફિકલ્ટ તેમજ એક ટ્વીસ્ટ કરી પુછાયું

...અનુસંધાન પાના 5 પર

## બારડોલીની બી.એ.બી.એસ. હાઈસ્કૂલમાં ચાલુ પરીક્ષાએ વિદ્યાર્થિનીની તબિયત લથડી

**તાત્કાલિક** પ્રાથમિક સારવાર લીધા બાદ સ્વસ્થ થયેલી વિદ્યાર્થિની પરીક્ષામાં પુનઃ જોડાઈ



બારડોલી: બારડોલીની બી.એ.બી.એસ. હાઈસ્કૂલમાં ધો.૧૦ની ચાલુ પરીક્ષા દરમિયાન એક વિદ્યાર્થિનીની તબિયત લથડતાં શાળા પરિવાર અને પ્રાથમિક આરોગ્યની ટીમે સમયસૂચકતા દાખવી તેને સારવાર આપતાં વિદ્યાર્થિની સ્વસ્થ થઈ હતી. તાત્કાલિક પ્રાથમિક સારવાર મળતાં સ્વસ્થ થયેલી વિદ્યાર્થિની પરીક્ષામાં પુનઃ જોડાઈ હતી. હાલ રાજ્યભરમાં બોર્ડની પરીક્ષા ચાલી રહી છે. ત્યારે ધો.૧૦ની વિજ્ઞાન વિષયની પરીક્ષા આપી રહેલી બારડોલી તાલુકાની વિદ્યાર્થિની સેજલકુમારી સંદીપભાઈ ચૌધરી

...અનુસંધાન પાના 5 પર

# હાંસોટ પોલીસમથકમાં રિવોલ્વરમાંથી ફસાયેલી ગોળી કાઢતાં ધડાકો: બે ઘાયલ

**ચૂંટણીની** આચારસંહિતાના પગલે હાંસોટના કલ્પેશ શેઠ અને દેવેન્દ્ર પટેલ રિવોલ્વર જમા કરાવવા ગયા હતા



ભરૂચ: ચૂંટણીની આચારસંહિતા આવતાં હાંસોટ પોલીસમથકે સ્વરક્ષણની રિવોલ્વર જમા કરાવવા જતાં અંદર કારતુસ કાઢતી વેળા અચાનક ગોળી વાગતાં બે જણા ઈજાગ્રસ્ત થઇ ગયા હતા. બંને ઈજાગ્રસ્તને લોહીલુહાણ થતાં તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર મૂળ હાંસોટના રાજલાલાના ચકલામાં અને હાલ સુરતના પાલનપુર પાટિયા પાસે રહેતા પરેશકુમાર ચોકસી પોતાના સ્વરક્ષણ માટે રિવોલ્વર લાઈસન્સ મેળવીને રાખતા હતા. હાલ ચૂંટણી આચારસંહિતાને લઈ સોમવારે ૧૧ વાગ્યાની આસપાસ હાંસોટ પોલીસમથકે હાંસોટના કલ્પેશ હસમન શેઠ તેમજ દેવેન્દ્ર ઝીણા પટેલ રિવોલ્વર જમા કરાવવા ગયા હતા. પોલીસમથકમાં દેવેન્દ્ર પટેલ રિવોલ્વરમાં એક ગોળી ફસાઈ ગઈ હોવાથી કાઢવા જતાં અચાનક ગોળી

...અનુસંધાન પાના 5 પર

# નજર નહીં લાગે તે માટે બારણા પર લટકાવાતા લિંબુ-મરચાને જ ભાવની 'નજર' લાગી

**આદુ,** મરચા અને લીંબુના ભાવ વધ્યા, ટામેટાં, ડુંગળી અને ભીંડાના ભાવ ઘટ્યા



સુરત: સીઝન અને ખેડૂતોને થતાં નુકસાન સહિત જુદા જુદા કારણોસર શાકભાજીના ભાવ આસમાને પહોંચી ગયા છે.

છેલ્લા બે વર્ષથી ખેડૂતોને મરચાના પોષણક્ષમ ભાવો ન મળતાં ખેડૂતોને મોટું નુકશાન થયું હતું.એને લીધે ચાલુ વર્ષે ખેડૂતો મરચાની ખેતી ઓછી કરી હતી.એને લીધે રમઝાન માસમાં ડિમાન્ડ સામે સપ્લાય ઓછી રહેતા ભાવો વધ્યા છે.હોલસેલમાં જ મરચાં 60 થી 80 રૂપિયે કિલો વેચાતા છૂટક માર્કેટમાં કિલો મરચાનો ભાવ 100 થયો છે. સુરત શહેરમાં મરચા વડોદરા જિલ્લાના કરજણ તાલુકા અને વલસાડ જિલ્લાના ખેરગામ તથા તાપી વિસ્તારમાંથી આવી રહ્યાં છે .આગામી દિવસોમાં દિલ્હી અને આંધ્રપ્રદેશ પ્રદેશના વિજયવાડા, ગુંટુર અને મહારાષ્ટ્રનાં નાસિક બેલ્ટમાંથી આવ્યા પછી ભાવ ઘટશે. શાકભાજીના ભાવો વધ્યા, લિંબુ, આદુ અને મરચાના ભાવો આસમાને પહોંચ્યા છે. APMC માર્કેટ યાર્ડમાં મણ લિંબુનો ભાવ

...અનુસંધાન પાના 5 પર

# ઓટો એક્સ્પો: હીરા-ટેક્સટાઈલ ઉદ્યોગકારોએ 10 પ્રીમિયમ સહિત 100 કારનાં બુકિંગ કરાવ્યાં

**એક્ઝિબિટર્સને** છ મહિના સુધી સેલ્સ માટે ચાલે એવી 200થી લઇને 500 સુધીની જેન્યુઈન ઇન્કવાયરી જનરેટ થઇ, જેમાંથી આશરે 10 ટકા બુકિંગમાં કન્વર્ટ થશે



સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આયોજિત 'સુરત ઈન્ટરનેશનલ ઓટો એક્ષ્પો ૨૦૨૪''ને બમ્પર પ્રતિસાદ મળ્યો છે.

ઓટો એક્સ્પોનાં 4 દિવસમાં 60,460 વિઝીટર્સ ઊમટી પડ્યા હતા, વાહન ડિલર્સ સૂત્રોના જણાવ્યા મુજબ હીરા અને ટેક્સટાઈલ ઉદ્યોગકારોએ BMW, ઓડી, મર્સીડીઝ, જેગુઆર, વોલ્વો સહિત 10 પ્રીમિયમ કારનાં ઓર્ડર આપ્યા હતાં. એક્ઝિબીટર્સને કુલ 100 કારની લીડ મળી છે. એવી જ રીતે 100 જેટલા ટુ વ્હીલર્સ અને અન્ય વાહનોની લીડ મળી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ઓટો એક્ષ્પોમાં વિવિધ બ્રાન્ડની કાર, ટુ વ્હીલર્સ, કોમર્શિયલ વ્હીકલ્સ, ઓટો એસેસરીઝ, સ્પેરપાર્ટ્સ તથા વર્કશોપને લગતી મશીનરી અને ટુલ્સનું પ્રદર્શન કરનારા બધા જ એક્ઝિબીટર્સ દ્વારા સ્પેશિયલ ઓફર, ડિસ્કાઉન્ટ અને સ્કીમ આપતા એક્ઝિબીટર્સને લોકોનો અદ્ભુત પ્રતિસાદ મળ્યો હતો.

...અનુસંધાન પાના 5 પર

## વડોદરાના સાંઈ થરુને રૂપિયા ૧૯.૫૦ લાખની બાઈક સ્થળ પર જ ખરીદી

ઓટો એક્સ્પોનાં સમાપન દિવસે આજે ઓટો એક્ષ્પોમાંથી વડોદરાના સાઈ થરુને રૂપિયા ૧૯.૫૦ લાખની કિંમતની સુઝુકી હાયાબુસા (ધુમ ફિલ્મમાં દર્શાવાયેલી મોટર સાયકલ)ની ડિલીવરી મેળવી હતી.

## કોમર્શિયલ વ્હીકલ્સ સેગમેન્ટમાં ૨૦૦ ઈન્કવાયરી જનરેટ થઈ

મેહુલ દેસાઈએ વધુમાં જણાવ્યું હતું કે, કોમર્શિયલ વ્હીકલ્સ સેગમેન્ટમાં ટાટા, મહિન્દ્રા, આઇસર અને ફોર્સ મોટર્સને ૫૫થી લઇને ૨૦૦ સુધીની જેન્યુન ઇન્કવાયરી જનરેટ થઇ છે. આ ઉપરાંત ઓટો એસેસરીઝ, સ્પેરપાર્ટ્સ તથા વર્કશોપને લગતા ઇક્વિપમેન્ટ્સ જેવી કે મશીનરી અને ટુલ્સના સ્ટોલધારકોને પણ તેઓની ધારણા કરતા વધારે પ્રતિસાદ મળ્યો હતો. ઓટો એક્ષ્પોમાં તમામ એક્ઝિબીટર્સને જેન્યુન ઇન્કવાયરી જનરેટ થઇ છે, જે આગામી છ મહિના સુધી તેઓને સેલ્સ માટે ચાલી શકે તેમ છે. એક્ઝિબીટર્સનું માનીએ તો તેઓને જેટલી પણ જેન્યુન ઇન્કવાયરી જનરેટ થઇ છે તેમાંથી આશરે ૧૦ ટકા બુકીંગમાં

...અનુસંધાન પાના 5 પર

રૂપિયા સારૂ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે
વિશેષ આયુર્વેદિક પધ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, ક્રિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202

21 તારીખ અને 26 તારીખે વધુ બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે

# શહેરમાં આવતા અઠવાડિયે હજી એક વખત તાપમાન ગગડે તેવી સંભાવના

**શહેરમાં** સોમવારે મહત્તમ તાપમાનમાં 0.8 ડિગ્રીનો ઘટાડો અને લઘુત્તમ તાપમાનમાં 0.8 ડિગ્રીનો વધારો

સુરત: શહેરમાં સોમવારે મહત્તમ તાપમાનમાં ઘટાડો અને લઘુત્તમ તાપમાનમાં વધારો નોંધાયો હતો. આ સિવાય આવતા અઠવાડિયે વધુ બે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે શહેરમાં તાપમાનમાં ઘટાડો થવાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ગયા અઠવાડિયાથી ગરમીની શરૂઆત થઈ છે. ત્યારે આવતા અઠવાડિયે તાપમાનમાં ફરી ઘટાડો થવાની શક્યતા છે. ઉત્તર ભારતમાં આગામી 21 અને 26 તારીખે ફરી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવશે. દક્ષિણ ગુજરાત સુધી તેની આટલી અસર નહીં વર્તાય, પરંતુ તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. એટલે લોકોને માર્ચ મહિનાના અંત સુધી આકરા ઉનાળાથી થોડી રાહત મળી શકે છે. એપ્રિલ મહિનાથી કાળઝાળ ઉનાળો શરૂ થશે. સોમવારે શહેરમાં મહત્તમ તાપમાન 0.8 ડિગ્રી ઘટીને 33.2 ડિગ્રી નોંધાયું હતું. અને લઘુત્તમ તાપમાન 0.8 ડિગ્રી વધીને 22 ડિગ્રી નોંધાયું હતું. હવામાં 56 ટકા ભેજની સાથે 5 કિલોમીટરની ઝડપે દક્ષિણ-પશ્ચિમનો પવન ફુંકાયો હતો.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨: છેલ્લા પાને ₹૪૫૦૦/- | અંદરના પાને ₹૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

અવસાન/શ્રધ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 81539 99901
ગુજરાતમિત્ર

પાંચમી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. ડાહ્યાભાઈ ઝવેરભાઈ પટેલ
સ્વ. તા. ૧૯/૦૩/૨૦૧૯

આજના દિવસે આપના ચિર વિદાયને પાંચ વર્ષ પુરા થયા છતાં આપ અમારી વચ્ચે છો એવી લાગણી સતત રહ્યા કરે છે આપની યાદ અમોને કાયમ રહેશે. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના..

લિ. અજયભાઈ ડાહ્યાભાઈ પટેલ તથા સમસ્ત પરિવાર
રહે.:- ૧૧૫, પરાગજીનગર સોસાયટી, શીશુકુંજ સ્કુલ નજીક, જહાંગીરાપુરા, સુરત.

શ્રી સુરતી મોઢવણિક પાથરણું



સ્વ. શ્રી નરેશકુમાર ખુશાલદાસ સાદડીવાલા

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પતિ/પિતા શ્રી નરેશકુમાર ખુશાલદાસ સાદડીવાલાનું સોમવાર તા. ૧૮/૩/૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગત દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુ પ્રાર્થના.

સદ્ગતનું પાથરણું મંગળવાર તા. ૧૯/૩/૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે શ્રી સુરતી મોઢવણિક સમાજની વાડીમાં (પાલ) રાખેલ છે.

લિ. પરિવારજનો
આશાબેન નરેશકુમાર સાદડીવાલા (પત્ની)
બંટી નરેશકુમાર સાદડીવાલા (પુત્ર)
અમિતા બંટી સાદડીવાલા (પુત્રવધુ)
બાની બંટી સાદડીવાલા (પૌત્રી)
ટેનીસ નરેશકુમાર સાદડીવાલા (પુત્ર)
ડેઝી ટેનીશ સાદડીવાલા (પુત્રવધુ)
વિહાન ટેનીસ સાદડીવાલા (પૌત્ર)
ઝોઈ ટેનીસ સાદડીવાલા (પૌત્રી)
સમસ્ત સાદડીવાલા પરિવાર

Bhakti Group
૯, ભક્તિ વિહાર રો હાઉસ, ૯-સ્કવેરની બાજુમાં, હનીપાર્ક રોડ, અડાજણ, સુરત.